# <u>ગતિશીલ ગુજરાત</u>

## સુરત મહાનગરપાલિકા
## બુક બેંક

× × ×

આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને **રાહતદરે પુસ્તક સહાય** પૂરી પાડવા સુ.મ.પા.ની પહેલ
કવિ નર્મદ મધ્યસ્થ **પુસ્તકાલય ખાતે બુક બેંક** શરૂ કરવાનું આયોજન

સુરત શહેર વિસ્તારમાં વાંચન પ્રવૃત્તિને વેગ મળે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત શહેર હદ વિસ્તારમાં કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય અને સાક્ષર ડો.વિષ્ણુપ્રસાદ ત્રિવેદી વિવિધલક્ષી વાંચનાલય જેવા જાહેર પુસ્તકાલયો ઉપરાંત વિવિધ ઝોન વિસ્તારમાં ૮૦ જેટલા જાહેર વાંચનાલયોની સુવિધા આપવામાં આવે છે. જેનો સુરત શહેર અને આજુબાજુના વિસ્તારની વાંચનપ્રિય જનતા તેમજ વિદ્યાર્થી જગત ધ્વારા લાભ લેવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાના પુસ્તકાલયોમાં વિવિધ વિષયોને લગતા ૩.૦૦ લાખથી વધુ પુસ્તકો હાલ ઉપલબ્ધ છે. જેમાં નોંધાયેલ સભ્યોની કુલ સંખ્યા ૫૯,૦૦૦થી વધુ છે અને દર વર્ષે ૨,૦૦૦થી વધુ સભ્યો નવા ઉમેરાય છે.

સુરત શહેરના નાગરિકોને વાંચન સુવિધાનો વધુમાં વધુ લાભ મળે તે માટે સુરત મહાનગરપાલિકા સતત પ્રયત્નશીલ છે અને વખતોવખત નવી યોજનાઓ વાચકોના લાભાર્થે રજુ કરે છે. જેના પ્રયાસરૂપે શહેરના વિદ્યાર્થીઓને રાહતદરે પુસ્તકો મળી રહે તે માટે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે **બુક બેંક** શરૂ કરવાનું સુ.મ.પા.નું આયોજન છે. જેનો હેતુ સમાજના આર્થિક રીતે નબળા વર્ગમાંથી આવતા વિદ્યાર્થીઓને રાહતદરે પુસ્તક સહાય આપવાનો છે.

આ યોજના મુખ્ય ચાર ભાગમાં વહેંચાયેલી છે. જેની ટૂંકી વિગત નીચે મુજબ છે.

અ) **બુક બેંક શરૂ કરવા માટે સુ.મ.પા. ધ્વારા પુસ્તકોની પ્રાપ્તિ :**

- પુસ્તકો ભેટ આપવાની ઈચ્છા ધરાવતા હોય તેવા નાગરિકો, વિદ્યાર્થીઓ અને સેવાભાવી સંસ્થાઓ પોતાની પાસે હોય તેવા શૈક્ષણિક, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, રેફરન્સ બુક વિ. વિષયવાર પુસ્તકો કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે વિના શરતે ભેટ આપી શકશે.

- પોતાની પાસે ન હોય તેમ છતાં પુસ્તકો ભેટ આપવાની ઈચ્છા રાખતા હોય તેવા નાગરિકો પણ ખુલ્લા બજારમાંથી પુસ્તકો ખરીદી, પુસ્તકાલયને ભેટ આપી શકશે.

- પુસ્તકો ભેટ આપવાની ઈચ્છા ધરાવતા હોય તેવા નાગરિકો પુસ્તકાલય ખાતે ઉપલબ્ધ પુસ્તકોની યાદી જોઈ, યાદીમાં ન હોય તેવા પુસ્તકો ખુલ્લા બજારમાંથી ખરીદી, પુસ્તકાલયને ભેટ આપી શકશે.

- પુસ્તકો ભેટ આપવાની ઈચ્છા ધરાવતા હોય તેવા નાગરિકો પુસ્તકાલય ખાતે દાતાશ્રી તરીકે પોતાનુ નામ નોંધાવી શકશે અને પુસ્તકાલયમાં ઉપલબ્ધ ન હોય પરંતુ માંગણી થયેલ હોય તેવા પુસ્તકો ખુલ્લા બજારમાંથી ખરીદી, પુસ્તકાલયને ભેટ આપી શકશે.

- ભેટ મળેલ પુસ્તકો માટે પુસ્તકાલય તરફથી દાતાશ્રીને કોઈપણ પ્રકારનું વળતર કે મૂલ્ય ચુકવવામાં આવશે નહી. પરંતુ, આભાર પત્ર આપવામાં આવશે.

- પુસ્તકો ભેટ આપનાર દાતા જો પુસ્તકાલયનું સભ્યપદ મેળવવા ઈચ્છતા હોય તો તેવા દાતાશ્રીને નિયમો મુજબ સભ્યપદ આપવામાં આવશે અને પ્રવેશ ફી માં સંપૂર્ણ માફી આપવામાં આવશે. આ પ્રકારનું સભ્યપદ દાતાશ્રીએ દિન–૫ માં મેળવી લેવાનું રહેશે.

## બ) પ્રાપ્ત થયેલ પુસ્તકોની પુસ્તકાલય ખાતે અલાયદી નોંધણી :

ભેટ મળેલ પુસ્તકોની ચકાસણી કરી, તેની છપાયેલી કિંમત, પ્રકાશન વર્ષ, દાતાશ્રી વિ. ની નોંધણી પુસ્તકાલય ખાતે કરવામાં આવશે અને દરેક પુસ્તક આપ–લેની માહિતી રાખવામાં આવશે.

## ક) બુક બેંકનો લાભ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન :

– આ યોજનાનો હેતુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને રાહતદરે પુસ્તકો પૂરા પાડવાનો છે. આથી, આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પોતાને જોઈતા પુસ્તકોની વિગત તેમજ શૈક્ષણિક સત્રની વિગત સાથે પુસ્તકાલય ખાતે અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

– રજીસ્ટ્રેશનના સમયે અરજદાર વિદ્યાર્થી ધ્વારા નીચે મુજબની વિગતો રજુ કરવાની રહેશે.
  – અભ્યાસની ટૂંકી વિગત
  – ઓળખનો પુરાવો
  – સરનામાનો પુરાવો
  – પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
  – કુટુંબની આવકનો પ્રમાણભુત પુરાવો

– પુસ્તકોની છાપેલ કિંમત પૈકી ૨૫% રકમ વિદ્યાર્થી ધ્વારા જમા કરાવવાની રહેશે. જે પૈકી ૧૦% રકમ ઘસારા ફી પેટે (નોન રીફંડેબલ) રજીસ્ટ્રેશનના સમયે અને બાકી ૧૫% રકમ ડીપોઝીટ પેટે (રીફંડેબલ) પુસ્તકો લઈ જવાના સમયે જમા કરાવવાની રહેશે.

– સુરત મહાનગરપાલિકા ધ્વારા શરૂ કરવામાં આવનાર સમયદાન કાર્યક્રમમાં સમગ્ર વર્ષ દરમ્યાન કુલ ૨૦૦ કલાકનું સમયદાન આપવાની ઈચ્છા ધરાવનાર અને તે મુજબ રજીસ્ટ્રેશન કરાવનાર વિદ્યાર્થીને ઘસારા ફી ભરવામાંથી મુકિત આપવામાં આવશે અને પુસ્તકો લઈ જવાના સમયે માત્ર ડીપોઝીટની રકમ જમા કરાવવાની રહેશે.

## ડ) રજીસ્ટ્રેશન કરાવેલ વિદ્યાર્થીઓને પુસ્તકોની ફાળવણી :

– પુસ્તકો માટે અગાઉથી રજીસ્ટ્રેશન કરાવેલ વિદ્યાર્થીઓને વહેલો તે પહેલોના ધોરણે પુસ્તકો આપવામાં આવશે.

– પુસ્તકાલય ખાતે જે પુસ્તકો ઉપલબ્ધ હશે તેટલા જ પુસ્તકો વિદ્યાર્થીને આપવામાં આવશે.

– વિદ્યાર્થી ધ્વારા રજીસ્ટ્રેશનના સમયે જાહેર કરેલ શૈક્ષણિક સત્રની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ દિન–૫ માં પુસ્તકો પરત કરવાના રહેશે. તેમ કરવામાં નિષ્ફળ ગયેથી ડીપોઝીટની રકમ જપ્ત થવાને પાત્ર રહેશે.

– વિદ્યાર્થી ધ્વારા પરત કરવામાં આવેલ પુસ્તકો પૈકી ગુમ થયેલ પુસ્તક અથવા નુકશાન પામેલ પુસ્તક બદલ પુસ્તકાલય ધ્વારા જણાવ્યા મુજબની રકમ વિદ્યાર્થીની ડીપોઝીટમાંથી વસુલ લેવામાં આવશે.

– વિદ્યાર્થીને પરત કરેલ ડીપોઝીટની રકમ ઉપર સુ.મ.પા. ધ્વારા કોઈપણ પ્રકારનું વ્યાજ ચુકવવામાં આવશે નહી.